

# બરગંડી ક્રિસમસ ટ્રી : આ વર્ષનો સ્ટાઈલિશ ફેસ્ટિવ ડેકોર ટ્રેન્ડ

જેમ જેમ બ્રાઈટ અને કલરફુલ હોમ સ્ટાઈલ પ્રચલિત થઇ રહી છે, તેમ ક્રિસમસ ટ્રીનું ડેકોરેશન પણ બદલાતું જાય છે. આ ક્રિસમસમાં બ્રાઈટ રેડ અને સિમ્પલ સ્ટાઈલની જગ્યાએ બરગંડી મેન કલર બની ગયો છે. એ રીચ લુક આપે છે. ઘણાં લોકો ક્રિસમસ ટ્રીને બરગંડી કલરથી સજાવી રહ્યાં છે જેમાં એ શેડ્સના ઓર્નામેન્ટસ, રિબન, માળા અને ફૂલોનો પણ ઉપયોગ કરે છે. ડાર્ક બરગંડી ડેકોરેશનની વસ્તુઓ સાથે ગોલ્ડ, સિલ્વર અને ડાર્ક ગ્રીન કલર મિક્સ કરવામાં આવે છે જેથી એક રીચ અને પર્સનલ માહોલ બની શકે.

ઘણા ડેકોરેટર તો ગ્રીન ક્રિસમસ ટ્રીને બદલે બરગંડી કલરનું આર્ટિફિશિયલ ટ્રી પસંદ કરે છે. આ બોલ્ડ ટ્રી ડ્રામેટિક અને એલિગન્ટ લાગે છે જે એને મોડર્ન ઘર માટે પર્ફેક્ટ બનાવે છે. બરગંડી ક્રિસમસ ટ્રી ટ્રેન્ડ 2025-2026ની એક લોકપ્રિય અને ફેશનેબલ રીત છે.

બરગંડી કલર ડ્રેન્ચ્ડ લુક

બરગંડી ટ્રી ટ્રેન્ડ માટે ટેકસચર જરૂરી છે. સોફ્ટ વેલ્વેટ બો બહુ પોપ્યુલર છે અને લાંબી રિબન્સ ટ્રીને ભરાવદાર અને સુંદર બનાવે છે. ચેરી રેડ, ડીપ પર્પલ, વોર્મ બ્રાઉન જેવા રેડના જુદા જુદા શેડ્સનો ઉપયોગ કરવાથી ટ્રીને ગહરાઈ અને રીચનેસ મળે છે. ડેકોરેટર ટ્રીને વધારે આકર્ષક બનાવવા માટે પોઈન્સેટિયા અને હોલી બેરી જેવાં બનાવટી ફૂલો પણ લગાડે છે. સફેદ લાઈટનો ઉપયોગ કરવામાં આવે છે કારણ કે એ બરગંડી કલરને ઉભારે છે અને ટ્રીને કોઝી, સ્વાગત કરનાર અહેસાસ આપે છે.

પોપ્યુલર ‘રાલ્ફ લોરેન ક્રિસમસ’ સ્ટાઈલ સાથે બરગંડી ટ્રી ટ્રેન્ડ જોડાયેલો છે. આ લુક ટ્રેડિશન અને આરામદાયક રજાઓની યાદો વિશે છે.



એમાં બરગંડી, નેવી અને ડાર્ક ગ્રીન જેવા ડાર્ક કલર્સનો ઉપયોગ કરવામાં આવે છે. સાથે જ પ્લેડ પેટર્ન્સ, મુલાયમ વેલ્વેટ અને નેચરલ ગ્રીનરી પણ હોય છે.

વર્ષો સુધી સિમ્પલ ડેકોરેશન બાદ હવે લોકો વધારે ભરાવદાર અને પર્સનલ સ્ટાઈલ પસંદ કરી રહ્યા છે. બધું જ નવું ખરીદવાને બદલે જૂનાં



આભૂષણો, ગોલ્ડ અને બ્રાસનો ટચ અને ફેમિલી ડેકોરેશનને પસંદ કરવામાં આવી રહ્યું છે.

તમે આખું બરગંડી ટ્રી પસંદ કરો અથવા થોડા ડાર્ક રેડ એકસેન્ટ ઉમેરો, આ ટ્રેન્ડ ડેકોરેશનની એક ટાઈમલેસ અને એલિગન્ટ રીત છે. વોર્મ, રીચ અને કેરેકટરથી ભરપૂર બરગંડી ટ્રી ટ્રેન્ડની કલાસિક સ્ટાઈલ કદી આઉટ ઓફ ફેશન થશે



નહિ.

બરગંડી ક્રિસમસ ટ્રી ટ્રેન્ડ ડાર્ક, મૂડી અને કોઝી લુક આપે છે. સોશ્યલ મીડિયા પર એ ઘણો પોપ્યુલર છે અને એને ‘કલાસી’ અને ‘એલિગન્ટ’ માનવામાં આવે છે.

ટૂંકમાં બરગંડી ક્રિસમસ ટ્રી ટ્રેન્ડ તમને રિચ, પારંપરિક અને પર્સનલ ટચ સાથે એક શાનદાર ડેકોરેશન કરવાની તક આપે છે.

# વૃક્ષને 72 કલાક ગળે લગાડવાનો રેકોર્ડ

દુનિયામાં વિરોધ દર્શાવવાની રીતો અલગ અલગ હોય છે પરંતુ કેટલાંક લોકો શાંતિ, ધૈર્ય અને પ્રતીકાત્મક પગલાંથી આખી દુનિયાનું ધ્યાન ખેંચે છે. કેન્યાની જળવાયુ કાર્યકર્તા ‘ટ્રુફેના મુથોનીએ આવું જ કંઈક કર્યું છે. એમણે સતત 72 કલાક સુધી એક વૃક્ષને ગળે લગાડીને માત્ર પોતાનો જ જૂનો રેકોર્ડ નથી તોડ્યો પરંતુ જળવાયુ પરિવર્તન અને જંગલોના નિકંદન જેવા ગંભીર મુદ્દા પર લોકોને વિચારવા મજબૂર પણ કર્યા છે. એમનો આ શાંતિપૂર્ણ વિરોધ હવે દુનિયાભરમાં ચર્ચાનો વિષય બની ગયો છે.

ટ્રુફેનાએ ન્યેરી શહેરમાં એક સરકારી પરિસરની અંદરના સ્થાનીય વૃક્ષને પસંદ કર્યું હતું. મુથોનીએ જણાવ્યું હતું કે આ વિરોધ મતભેદો ભૂલીને ઈન્સાનિયત જગાડવાની એક રીત છે. એમનું માનવું છે કે પ્રકૃતિને બચાવવા માટે શાંતિ અને સંવેદના સોથી મોટું હથિયાર છે.આ કઠીન પડકાર દરમિયાન એક સમય એવો પણ આવ્યો જ્યારે મુથોનીને ઊંઘ આવવા માંડી પરંતુ એના સમર્થકોએ એને જગાડી એનો ઉત્સાહ વધાર્યો.

આ પડકાર માટે એમણે એક ખાસ પોશાક પહેર્યો હતો. જેનો રંગ કાળો, લીલો, લાલ અને ભૂરો હતો. મુથોનીએ આ રંગોનો ખાસ અર્થ પણ જણાવ્યો. એમના મતાનુસાર કાળો રંગ આફ્રિકી શક્તિ અને મજબૂતી, લીલો રંગ આશા, લાલ રંગ આદિવાસી સાહસ અને ભૂરો રંગ પાણી તથા સમુદ્રની રક્ષાના પ્રતીક છે.

આ પહેલાં મુથોનીએ 48 કલાક સુધી વૃક્ષને ગળે લગાડવાનો રેકોર્ડ નોંધાવ્યો હતો.

